# જનરલ બોર્ડ : 'પાંચ વર્ષમાં રૂ. ૫૦૦૦ કરોડથી વધુના રેકોર્ડબ્રેક વિકાસલક્ષી કાર્યો પૂર્ણ થયા' : જયમીન ઠાકર

## અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ અને થયેલા કામો અંગે કમિશ્નરે વિસ્તૃત જવાબ આપ્યો






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાના આજના જનરલ બોર્ડ માં વધુ એક વખત માત્ર પ્રથમ અને એક માત્ર પ્રશ્નની ચર્ચામાં સભાની કાર્યવાહી પૂર્ણ થઇ ગઇ હતી. ભારત સરકારની અમૃત યોજના હેઠળ રાજકોટ મહાપાલિકાને મળેલી ગ્રાન્ટ, થયેલા કામો અંગે કમિશ્નરે ૪૫ મીનીટ જવાબ આપ્યો હતો. નવી ચૂંટણી પૂર્વેનું આ સંભવિત અંતિમ બોર્ડ હોય, ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરોએ રાજકીય સંયમ દાખવ્યો હતો. શિયાળાની ઠંડી જેવું આ બોર્ડ ચાલુ ટર્મના પાંચ વર્ષમાં કદાચ સૌથી ઠંડુ ચાલ્યું હતું.પરંતુ અંતે શાસક ભાજપે પાંચ વર્ષમાં કરેલા વિકાસ કામોની ટુંકી ગાથા રજુ કરતા અને વિપક્ષ કોંગ્રેસને બોલવાનો મોકો ન મળતા ભાજપે વિશ્વાસઘાત કર્યાનું દુઃખ વ્યકત કર્યુ હતું.

આ બોર્ડમાં ભાજપના કોર્પોરેટર દક્ષાબેન વસાણીએ અમૃત યોજના હેઠળ મળેલી ગ્રાન્ટ અંગેનો સવાલ રજુ કર્યો હતો. કમિશ્નર તુષાર સુમેરાએ આ યોજના હેઠળ મળેલી ગ્રાન્ટ, તેમાંથી થયેલા વિકાસ કામો, ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ માટે થયેલા ખર્ચ સહિતની વિગતો રજુ કરી હતી. વંદે માતરમ, શોક ઠરાવ સિવાયના સમયમાં કમિશ્નરે ૪૫ મીનીટ જવાબ રજુ કર્યો હતો અને હાજર તમામ કોર્પોરેટરોએ આ જવાબ સાંભળ્યો હતો.

છતાં અંતિમ બોર્ડમાં પણ કુલ ૩૩ પૈકી માત્ર એક પ્રશ્નની ચર્ચા થઇ શકી હતી. આ માહિતી રજુ કર્યા બાદ છેલ્લી ૧૦ મીનીટમાં સ્ટે.કમીટી ચેરમેન જયમીન ઠાકરે ભાજપની વર્તમાન પાંચ વર્ષની ટર્મમાં કરેલા કામો અંગે ગૌરવ અને સંતોષની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે, ૧૯૯૫ પહેલા સમગ્ર ગુજરાત સરકારનું અંદાજપત્ર પાંચ કરોડે પણ પહોંચતું ન હતું. હવે વિકાસ યાત્રા વચ્ચે રાજકોટ મનપાએ ૨૦૨૧થી ૨૦૨૬ના પાંચ વર્ષમાં દર વર્ષે ઓછામાં ઓછા એક હજાર કરોડ મળી કુલ પાંચ હજાર કરોડના વિકાસ કામો કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ, નવા રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીન, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ના.મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શનમાં લોકો માટે વિસ્તારવામાં આવેલી સુવિધાઓ અને નવી યોજનાઓ બદલ બોર્ડ તેમનો આભાર વ્યકત કરે છે. માનવી ત્યાં સુવિધાનું સુત્ર ભાજપ શાસકોએ દુર દુર સુધી પહોંચાડયું છે. કોંગ્રેસના વોર્ડમાં પણ પુરતા વિકાસ કામો કર્યા છે.

તેઓએ વિપક્ષના સભ્યોનો પણ સહકાર બદલ આભાર માન્યો હતો. ભાજપ શાસકો આવતા પાંચ વર્ષમાં પણ આ વિકાસ યાત્રા ચાલુ રાખશે. જોકે કોંગી સભ્યોએ વચ્ચે બોલવાનો પ્રયત્ન કરતા ચેરમેને તેમને ટપાર્યા હતા અને પ્રજાએ દુર ધકેલી દીધેલી કોંગ્રેસ માત્ર મોબાઇલ ફોનમાં રહી ગયાનું મ્હેણુ માર્યુ હતું. સભા અધ્યક્ષ અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ કહ્યું હતું કે, આ પાંચ વર્ષની ટર્મમાં કપરો કોરોના કાળ પણ લોકોએ જોયો છે. મનપા તંત્રએ લોકોના સુખ અને દુઃખમાં પુરતી ભાગીદારી કરી છે. આ કાર્યકાળમાં કોઇ પક્ષપાત વગર વિકાસ કામો કર્યા છે જેમાં અધિકારીઓની પણ મહત્વની ભૂમિકા છે. અટલ સરોવરથી માંડી આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, બ્રીજના પ્રોજેકટ પાર પાડયા છે.

ડીઆઇ પાઇપલાઇનના નેટવર્ક માટે અનેક વોર્ડમાં ખોદકામ કરાયા છે. જે બાદ ડામર રોડના કામ પણ વેગવંતા ચાલે છે. આ સમગ્ર વિકાસ યાત્રામાં આર્થિક સહયોગ અને માર્ગદર્શન આપવા બદલ તેઓએ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

### મહાપાલિકા બોર્ડમાં ભારે હોબાળોઃ સાગઠીયા અને વિનુ ઘવા વચ્ચે જામી પડી

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે કોઈ ખાસ હંગામા કે વિપક્ષના મોટા વિરોધ વગર પૂર્ણ થયું હતું. આ બોર્ડમાં અમૃત યોજના હેઠળ થયેલા કરોડોના વિકાસકામોની ચર્ચા મુખ્ય રહી હતી. જોકે, બેઠક દરમિયાન વિપક્ષી નેતા અને સત્તાધારી પક્ષના સભ્યો વચ્ચે હળવી બોલાચાલી અને ટોકવા-રોકવાના દશ્યો પણ જોવા મળ્યા હતા.બોર્ડની કાર્યવાહી શરૂ થયાના આશરે પોણી કલાક બાદ વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયા વિરોધ કરવા માટે ઊભા થયા હતા, પરંતુ શાસક પક્ષના વિનુભાઈએ તેમને અટકાવીને બેસાડી દીધા હતા. બાદમાં જ્યારે વિનુભાઈ ઘવા પોતે બોલવા માટે ઊભા થયા, ત્યારે વશરામભાઈએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, "જ્યારે હું બોલવા ઊભો થાઉં છું ત્યારે મને અટકાવવામાં આવે છે, પરંતુ જ્યારે વિનુભાઈ બોલે છે ત્યારે દક્ષાબેન વસાણી કેમ તેમને અટકાવતા નથી?" આ શાબ્દિક ટપાટપીએ થોડીવાર માટે બોર્ડમાં ગરમાવો લાવી દીધો હતો.

### રિજનલ વાઇબ્રન્ટ સમીટ બદલ સરકારને અભિનંદન આપતું બોર્ડ

રાજકોટ,

તાજેતરમાં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજવા બદલ સરકારને અભિનંદન આપતો ઠરાવ આજની સભામાં પસાર કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની હાજરીમાં તા.૧૧-૧ રવિવારના રોજ આ કોન્ફરન્સ યોજાતા સૌરાષ્ટ્ર-કચ્છમાં ૫.૭૮ લાખ કરોડના રોકાણના એમઓયુ કરવામાં આવ્યા હતા.આ રોકાણ થકી સૌરાષ્ટ્ર-કચ્છના અનેક લોકોને રોજગારીની વિપુલ તકો મળશે અને શહેરો તથા રાજયનો અભુતપૂર્વ વિકાસ થશે જે બદલ કેન્દ્રની ભાજપ સરકાર, વડાપ્રધાન, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ના.મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીને સભાએ અભિનંદન પાઠવ્યા હતા.

## પોલીસ સમાચાર

### સોમનાથમાં સોમનાથ ત્રીવેણીરોડ ઉપર પોણા ચાર લાખના ચરસ સાથે એક ઝડપાયો

વેરાવળ,

ગીર સોમનાથ એસ.ઓ.જી પી.આઈ ડી.એમ.કાગડા એ જણાવેલ હતું કે સોમનાથ ત્રીવેણીરોડ ઉપર સ્મશાન ઘાટ ના રસ્તે ઉતરપ્રદેશના માનસીગ સમુદ્રસિંગ સૈની ને બાતમી ના આધારે ઝડપી તેની પાસેથી ચરસ દોઢ કીલો આશરે કીમત રૂા. ૩,૭૫,૦૦૦ નું કબજે કરેલ હતું આરોપીએ જણાવેલ હતું તેને દીલ્હીથી માલ ખરીદેલ હતો અને તે સોમનાથ પ્રભાસપાટણ વિસ્તારમાં અનેક ને છુટક છુટક વેચાણ કરવા માટે લાવેલ હતો આ વિસ્તારમાં કોણ કોણ માદક પદાર્થ લેનાર છે તેની પુછપરછ કરાઈ રહેલ છે અત્યારે એક આરોપીની અટકાયત કરાયેલ છે. સોમનાથ ત્રીવેણી રોડ ઉપર દરીયા કિનારે અનેક મોટી ઝુપટપટી છે તેમજ આ વિસ્તારમાં ચરસ ,ગાંજો,ડ્રગ્સ સહીત નું વેચાણ થતું હોય તેવું પણ વારંવાર ફરીયાદો થયેલ છે જેથી સ્થાનીક આરોપીઓ છેલ્લા કેટલાય સમય થી વેચાણ કરતા હોય તેવું જાણવા મળેલ છે.

### રાજકોટના નવા થોરાળા રામનગરમાંથી ચોરાઉ એકટીવા સાથે સગીર પકડાયો

રાજકોટ,

રાજકોટના નવા થોરાળાના વિસ્તરમાં એક શખ્સ ચોરાઉ એકટીવા લઇને નિકળ્યો હોવાની એ-ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ કનુભાઇ બસીયા, સાગરભાઇ માવદીયા અને કોન્સ ધર્મેશભાઇ ખાંડેયાને બાતમી મળતા નવા થોરાળા રામનગર શેરી નં. ૪ માંથી એક સગીરને ચોરાઉ એકટીવા સાથે પકડી લીધો હતો. આ કામગીરી પી.આઇ. બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ એએસઆઇ બી.વી. ગોહિલ, એમ.એસ. મકવાણા, હેડ કોન્સ કનુભાઇ બસીયા, કલ્પેશભાઇ બોરીચા, ધારાભાઇ વનારીયા, સાગરભાઇ માવદીયા, મહેશભાઇ ચાવડા, કરણભાઇ વિરસોડીયા, કોન્સ. ધર્મેશભાઇ ખોડાભાઇ, તેજશભાઇ રાવતભાઇએ કરી હતી.

### ગોંડલના મોવૈયામાં યુવાનની ઝેરી દવા પી આત્મહત્યાઃ સારવારમાં મોત

રાજકોટ,

ગોંડલ તાબેના મોવૈયા ગામે યુવાને ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

જાણવા મળ્યા મુજબ ગોંડલના મોવૈયા ગામે રહેતાં મયુરભાઇ અરજણભાઇ ચાંડપા (ઉ.વ.૩૩) નામના યુવાને ગઇકાલે બપોરે ત્રણેક વાગ્યે ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે ગોંડલની હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું . ગોંડલ તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર મયુરભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે કડીયા કામની મજૂરી કરતો હતો. તેના પિતા અરજણભાઇ છુટક મજૂરી કરે છે. મયુરભાઇએ આ પગલુ શા માટે ભર્યુ ?તે અંગે પરિવારજનો કંઇ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે.

## વેરાવળમાં પોલીસના ત્રણ દરોડામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

વેરાવળ,

ગીર સોમનાથ એલસીબીએ આખો દિવસ દરમ્યાન વિદેશીદારૂ ના દરોડા પાડી નામચીન બુટલેગર ના ઘરે બે વખત જથ્થો તેમજ એક કારમાંથી વિદેશી દારૂ ઝડપેલ હતો રૂા.૭,૭૬, ૩૧૫ ની ૧૩૨૪ બોટલ ઝડપાયેલ હતી આ ગુનામાં કોઈપણ આરોપી મળી આવેલ નથી

આઈ.જી.નિલેષ ઝાજડીયા, એસ.પી જયદીપસિંહ જાડેજા આ વિસ્તારમાં નશા દુષણ ડામવા માટે કડક હાથે કામગીરી હાથ ધરતા ગીર સોમનાથ એલસીબીએ બાતમીના આધારે વેરાવળ બજરંગ સોસાયટી આદિત્ય બિરલા સ્કુલ ની સામેની ગલ્લીમા મોટરકાર માં તલાસી લેતા તેમાંથી વિદેશીદારૂ બોટલ નંગ ૧૦૧૭ રૂા.૨,૫૭,૫૫૦ તેમજ મોટરકાર રૂા. ૧,૦૦,૦૦૦ મોબાઈલ ફોનં. રૂા. ૧૦,૦૦૦ રોકડા રૂા. ૪૧૦૦૦ કુલ રૂા. ૪,૦૮,૫૫૦ નો મળી આવેલ હતો જેમાં આરોપી તરીકે રોહીત ઉર્ફે રેમ્બો રમેશ બારીયા કોળી, પીયુષ અરજણભાઈ બારીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ હતો.બીજા દરોડા માં મોટા કોળીવાડામાં મહાકાળી માતાજીના મઢ પાસે બુટલેગર અજય ઉર્ફે બાદલ મનુભાઈ બારીયાના ઘર માંથી વિદેશી દારૂ બોટલ નંગ ૨૧૭ રૂા. ૩,૨૭,૭૬૫ ની મળી આવેલ હતી તેમાં પણ બીજો આરોપી રોહીત ઉર્ફે રેમ્બો રમેશભાઈ બારીયા એકજ હોય તેની સામે ગુનો દાખલ કરેલ હતો.ત્રીજો દરોડો રોહીત ઉર્ફે રેમ્બો બારીયા મોટા કોળી વાડા માં રહેણાંમ મકાન માં દરોડો પડેલ હતો તેમાં વિદેશીદારૂબોટલ નંગ ૩૬ રૂા.૩૬૦૦૦ ની મળી આવેલ હતો તેમાં પણ કોઈ આરોપી ઝડપાયેલ ન હતા.એલસીબી દ્વારા આખો દિવસ દરમ્યાન ૧૩૨૪ બોટલ મુદામાલ ૭,૭૩,૩૧૫ નો મળી આવેલ હતો જેમાં જુદી જુદી ફરીયાદ નામચીન બુટલેગર રોહીત ઉર્ફે રેમ્બો રમેશ બારીયા તેમજ અન્ય૩ બે આરોપીઓ સામે ગુનો દાખલ કરેલ હતો પણ કોઈ આરોપીઓ સ્થળ ઉપરથી મળી આવેલ ન હતા નામચીન બુટલેગર રોહીત ઉર્ફે રેમ્બો સામે પાસા પણ થયેલ છે તે અનેક વખત વિદેશીદારૂ ના ગુનામાં ઝડપાયેલ છે તેમ પોલીસ વિભાગે જણાવેલ હતું. વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તાદરમાં રહેતા ફારૂક હુસેનભાઈ રાઠોડ ને વેરાવળ સીટી પોલીસે બાતમીના આધારે બંદર રોડ ઉપર થી વિદેશીદારૂ બોટલ નંગ ૩ રૂા. ૩૬૦૦ સાથે ઝડપી વધુ તપાસ હાથ ધરેલ છે.

## રાજકોટના દુધસાગર રોડ અમરનગરમાં મકાનમાં જુગાર રમતા છ પકડાયા

રાજકોટ,


રાજકોટ શહેરના દુધસાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર પાસે અમરનગરમાં એક મહિલાના મકાનમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી તીન પતીનો જુગાર રમતા છ શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ રાજકોટના દુધસાગર રોડ પર અમરનગરમાં એક મકાનમાં મહિલા સંચાલીત જુગાર ધામ ચાલતુ હોવાની ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળ અને કોન્સ. અરવિંદભાઇ ફતેપરાને બાતમી મળતા સ્ટાફ સાથે અમરનગર શેરી નં. ૧ માં આવેલા મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાન માલીક ભાનુબેન ધીરૂભાઇ સીપરીયા તથા ગુજરાત હાઉસીંગ બોર્ડના કર્વાટર બ્લોક નં. ૫૯૩ કવાટર નં. ૮૬ ના અરમાન આબીદભાઇ કુરેશી, ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી મફતીયાપરા શેરી નં. ૬ના અરજણ જીવાભાઇ શાલાણી, ધીરૂ ગાંડુ તલસાણીયા, દુધ સાગરરોડ ભગવતી સોસાયટીના રાણા ઈબ્રાહીમભાઇ રાઉમા અને ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીના રસીક ગાંડુભાઇ સોલંકીને પકડી લઇ રૂા.૧૩,૧૦૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી.

## રાજુલામાં ૫૦ ટકા વીસીઈ ૩ વર્ષથી પગાર વિહોણા!

### વીસીઈ મંડળે ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી

રાજુલાઃ



રાજુલા તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે વીસીઈ રાત-દિવસ સતત કામગીરી કરતા રહે છે. પરંતુ રાજુલા તાલુકામાં ૫૦ ટકા વીસીઈને ત્રણ વર્ષથી મહેનતાણું જ અપાયું નથી. જેના કારણે વીસીઈની મુશ્કેલીમાં વધારો થયો છે. મહેનતાણું ન મળતા પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે.ખેડૂતોના સાતબારની નકલ કાઢવી, અતિવૃષ્ટિમાં નુકશાનીના ફોર્મ ભરવા, ગામનો સર્વે રિપોર્ટ, સહિતની કામગીરી વીસીઈ પાસે કરાવવામાં આવે છે. સરકાર દ્વારા ૧૫૦૦ થી ૨૦૦૦ની મર્યાદામાં વીસીઈને માનદ વેતન ચુકવવામાં આવે છે. વીસીઈને મહેનતાણું ચુકવવા માટે ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી બજેટ ફાળવવામાં આવે છે. રાજુલામાં ૧૫માં નાણાપંચે પણ નિયમિત નાણાં ફાળવી દીધા છે. પરંતુ રાજુલા પંથકમાં ૫૭માંથી ૨૫ વીસીઈને છેલ્લા ત્રણ વર્ષથી મહેનતાણું જ આપવામાં આવ્યું નથી. તાલુકા કક્ષાએ મહેનતાણંમ ન ચુકવાતા વીસીઈમાં રોષ ફેલાયો છે. વીસીઈ કોમ્પ્યુટર રાઈટર અને ૧૦ પાસ હોય છે.આમ છતાં આજદિન સુધી ક્યારે પગાર વધારો પણ થયો ન હોવાના વીસીઈએ આક્ષેપ કર્યા હતા. રોજના રૂપિયા ૧૦૦ પણ વેતન આપવામાં આવતું નથી. પરંતુ રાજુલામાં ૩ વર્ષ થયા છતાં હજી સુધી ૫૦ ટકા વીસીઇને તેમણે કરેલી કામગીરીનું મહેનતાણું પણ અપાયું નથી. ત્યારે પગાર વિહોણા વીસીઈ આજે તાલુકા વિકાસ અધિકારી કચેરી ખાતે દોડી આવ્યા હતા અને પોતાની વ્યસ્થા ઠાલવી હતી. તેમજ આગામી દિવસોમાં પગાર નહી ચુકવવામાં આવે તો વીસીઈ મંડળે આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## ધોરાજીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને અમરેલી પોલીસે ઝડપી લીધાં

અમરેલીઃ

રાજકોટના ધોરાજી સીટીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ગણતરીની કલાકોમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશન તથા અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ બનાવમાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જીલ?લા તેમજ જિલ્લા બહાર ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે થઈને અમરેલી જિલ્લા વિસ્તારમાં રહેતા ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ?લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય જે અન?વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનની ટીમ તથા અમરેલી એલ.સી.બી. ટીમને બાતમી મળેલ કે, ધોરાજી ખાતેથી વિમલભાઇ મોહનભાઇ હરીયાણી નામની વ્યકિતનું ગત ગઈ તા.૧૮ નાં રોજ અપહરણ થયેલ હોય જે અંગે જેતપુર ગામે રહેતાં કૃપાલીબેન ઉર્ફે કૃપા ભાવીનભાઇ ચીતારાએ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ હતી.

આ બનાવમાં અમરેલીના ગંગાનગર, શેરી નં.૨ માં રહેતાં ગોપાલ વિઠ્ઠલભાઇ ડાંગર, તથા અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ઉત્સવ ફ્લેટમાં



રહેતાં પ્રદ્યુમનસિંહ ભરતસિંહ વાળા તથા ભાવનગર જિલ્લાનાં ખડસલીયા તેમજ કચ્છ જિલ્લાના માધાપર, ગોકુળધામ સોસાયટીમાં રહેતાં ઋષિરાજસિંહ ચંદ્રસિંહ વાળા નામનાં સંડોવાયેલ આરોપીઓ અમરેલી ખાતે આવેલ હોવાની બાતમી મળતાં તેના આધારે તપાસ શરૂ કરતાં તે દરમિયાન ભોગબનાર વિમલભાઇ મોહનભાઇ હરીયાણીને શોધી કાઢી, સંડોવાયેલ ચારેય આરોપીઓને પકડી પાડી ધોરાજી સીટી પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે.


**ઓનલાઈન ટુકી મુદતની જાહેર નિવિદા નં. ૪૮/૨૦૨૫-૨૬**

કાર્યપાલક ઈજનેર પંચાયત માર્ગ અને મકાન વિભાગ, મોરબી (ફોન નં. ૦૨૮૨૨-૨૨૨૮૪૬) દવારા અલગ-અલગ યોજના હેઠળના કુલ રૂા.૨૮.૩૯ લાખ ના કુલ ૩ કામ માટે મોરબી જીલ્લાના અલગ અલગ તાલુકાના પેવર કેટેગરી-૩ તથા રજીસ્ટ્રેશન કલાસ "ઈ-૧", "ઈ-૨", "બી" તથા પેવર કેટેગરી-૩ તથા ઉપરના ઈજારદારો પાસેથી ટેન્ડર ઓનલાઈન માંગવામાં આવે છે આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબસાઈટ ઉપર જોવા મળશે અને આ સાઈટ ઉપરથી ઓનલાઈન ભરવાના રહેશે. આઅંગેની વિગતવાર વિજ્ઞાપન (મા.મ. પંચાયત) વિભાગના નોટીસબોર્ડ ઉપરથી જોઈ શકાશે ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહી. હવે પછીના દૈનીક સુધારા /વધારાઓ દૈનીક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન કરવામાં આવશે. સદર ટેન્ડર પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો મંજુર કરવા કે રદ કરવા બાબતે અત્રેની કચેરીનો નિર્ણય અબાધીત રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહી

(૧) **ઓનલાઈન ડાઉનલોડીંગ અને સબમીશનની છેલ્લી તારીખ**
તા. ૨૭-૦૧-૨૦૨૬ ના સાંજના ૧૮-૦૦ કલાક સુધી

(૨) **ટેન્ડર ખોલવાનો સમય અને સ્થળ**
તા. ૨૮-૦૧-૨૦૨૬ બપોરના ૧૨-૦૦ કલાકે

માહિતી/રાજ/૧૬૪૨/૨૫-૨૬

અધિક્ષક ઈજનેર, પંચાયત માર્ગ અને મકાન સર્કલ-૧, રાજકોટ


## દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં હાશકારો

અમરેલીઃ





અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડાના આંટાફેરા હવે સામાન્ય વાત છે. છાશવારે આ પંથકમાં આવા રાની પશુઓ માનવ વસ્તીવાળા ગામમાં ઘુસી આવતાં હોય ત્યારે ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના નાની ધારી ગામે એક રહેણાંક મકાનમાં આવેલ રૂમમાં ખૂંખાર દીપડો ઘુસી ગયો હતો. પરંતુ ઘરધણીની સજાગતાના કારણે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી ઠંડીમાં વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્ક્યુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો. આ બનાવમાં ખાંભા આર.એફ.ઓ.ના જણાવ્યાં અનુસાર ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા પ્રતાપ ભાઈ માંજરિયા મકાનમાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ડેલીના રસ્તેથી ખૂંખાર દીપડો ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારે દીપડો રૂમમાં પ્રવેશતાં ઘરધણી દીપડાને જોઈ જતાં અને ઘરધણીની સજાગતાના કારણે દીપડો જે રૂમમાં ઘૂસ્યો હતો તે રૂમનો દરવાજો બહારથી બંધ કરી દઈ અને વનવિભાગને જાણ કરવામાં આવતાં કડકડતી ઠંડીમાં પણ વન વિભાગ દ્વારા દીપડાને ટ્રાન્ક્યુંલાઈઝ કરી આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ હતો. આ બનાવમાં દીપડો કોઈ ઉપર હુમલો કરે તે પહેલાં જ પીંજરે પુરાઈ જતાં લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.ગીરકાંઠાના વિસ્તારમાં આવા બનાવો સામાન્ય રીતે બનતાં હોય ત્યારે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને લોકો વચ્ચે ઘર્ષણ ના થાય તે માટે ગીરકાંઠાના વિસ્તારમાં ખાસ શિબિરો કરી જાગૃતતા ફેલાવવા માટેની કામગીરી ચલાવી રહયાં છે.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.